सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | | | |
| દાખલ તારીખ | : | ૧૧ | ૦૭ | ૨૦૦૩ |
| રજીસ્ટર તારીખ | : | ૧૧ | ૦૭ | ૨૦૦૩ |
| નિકાલ તારીખ | : | ૨૯ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | ૨૨ | ૧૧ | ૧૮ |

---

કલોલના એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતમાં,
મુ.કલોલ, જી. ગાંધીનગર.

---

**<u>ફોજદારી કેસ નંબર – ૧૨૦૨/૨૦૦૩</u>**

| | | |
|---|---|---|
| **<u>ફરિયાદી</u>** | : | શ્રી સરકાર મારફતે<br>વિ.વા.એ.પી.પી.શ્રી<br>વિરુદ્ધ |
| **<u>આરોપી</u>** | ૧ | મહેશભાઈ ઉર્ફે મહેન્દ્રભાઈ આત્મારામ ડાભી ઉ.વ.– ૫૫<br>રહે: ઝાંક વણકર વાસ, તા.દહેગામ જી. ગાંધીનગર. |
| | ૨ | મનોજકુમાર કનૈયાલાલ શર્મા ઉ.વ.–૨૩<br>રહે: દિલ્હી દરવાજા મોચીની ચાલી, અમદાવાદ. |

---

**નામદાર સુપ્રીમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ધી ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A- અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ...**

---

## ફોર્મ – એ

| | | |
|---|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | : | ઇ.પી.કો. ની કલમ–૩૭૯, ૧૧૪ તથા ટેલીગ્રાફ એકટની કલમ–૨૫(સી) મુજબ. |
| ફરિયાદી | : | શ્રી વિજયશંકર નવાબલાલ શ્રીવાસ્તવ |
| વિ.એ.પી.પી.શ્રી | : | સી.જે.નાયક |
| આરોપી | | ૧.મહેશભાઇ ઉર્ફે મહેન્દ્રભાઇ આત્મારામ ડાભી<br>૨.મનોજકુમાર કનૈયાલાલ શર્મા |
| આરોપી તરફે વિ.વ.શ્રી | : | બી.કે.વણકર ત્યારબાદ સી.આર.પી.સી.–૨૯૯ |

## ફોર્મ –બી

| | | |
|---|---|---|
| ગુનો બન્યા તારીખ | : | ૧૦–૦૫–૨૦૦૩ |
| ફરિયાદ તારીખ | : | ૧૦–૦૫–૨૦૦૩ |
| ચાર્જશીટ તારીખ | : | ૧૧–૦૭–૨૦૦૩ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | : | –– |
| પુરાવો શરૂ કર્યા તારીખ | : | ૧૩–૦૨–૨૦૨૩ |
| ચૂકાદાની તારીખ | : | ૨૯–૦૬–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ (જો કોઇ હોય તો) | : | ––– |

## આરોપીની વિગત

| | |
|---|---|
| આરોપીનું નામ | ૧.મહેશભાઇ ઉર્ફે મહેન્દ્રભાઇ આત્મારામ ડાભી<br>૨.મનોજકુમાર કનૈયાલાલ શર્મા |
| ધરપકડની તારીખ | આરોપી નં.૧ – ૨૦/૦૫/૨૦૦૩<br>આરોપી નં.૨–૩૦/૦૫/૨૦૦૩ |
| જામીન પર મુકત કર્યા હોય તો તેનીતારીખ | –– |
| ગુનાહિત આક્ષેપો | ઇ.પી.કો. ની કલમ– ૩૭૯, ૪૧૧ તથા ટેલીગ્રાફ એકટ–૨૫(સી) |

| | |
|---|---|
| | મુજબ |
| નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | બિનતહોમત |
| શું સજા કરી | – |
| સી.આર.પી. સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે ? | –– |

## ફોર્મ – સી

### ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદનું લીસ્ટ

**(એ) ફરિયાદપક્ષ તરફે :**

**ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો**

| નં. | સાહેદ | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | વિજયશંકર નવાબલાલ શ્રીવાસ્તવ | ફરીયાદી | ૧૨ |
| ૨ | મુકેશભાઇ મહેન્દ્રભાઇ દવે | પંચ સાહેદ | ૧૪ |
| ૩ | મહેશકુમાર કિશોરદાન ગઢવી | પંચ સાહેદ | ૧૬ |
| ૪ | વિમલ જગદીશભાઇ શર્મા | સાહેદ | ૨૦ |
| ૫ | હિરાજી ધનાજી | પોલીસ સાહેદ | ૨૧ |
| ૬ | બાલાભાઇ મોહનભાઇ રાજપરા | ત.ક.અમલદાર | ૩૦ |

**(બી) બચાવપક્ષ તરફે (જો હોય તો) :**

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) કોર્ટ તરફે (જો હોય તો) :**

| નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| — | — | — | — |

**ફરિયાદપક્ષે આંકે પડેલ દસ્તાવેજી પુરાવા :**

**(બી) દસ્તાવેજી પુરાવા :**

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદની નકલ | ૧૩ |
| ૨. | ડિસ્કવરી પંચનામું | ૧૫ |
| ૩. | મુદામાલ રીકવરી પંચનામું | ૧૭ |
| ૪. | ગુનાવાળી જગ્યા અંગેનું પંચનામું | ૨૩ |
| ૫. | ડેપ્યુટ હુકમ | ૨૪ |

## બચાવપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો :

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| — | — | — |

## કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજો :

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| — | — | — |

---

**<u>—:: ઠરાવ ::—</u>**

**આરોપી વિરુદ્ધ તહોમત :**

(૧) હાલના કામે આરોપી વિરુદ્ધ ઇઇ.પી.કો. ની કલમ–૩૭૯,૪૧૧ તથા ટેલીગ્રાફ એકટની કલમ–૨૫(સી) મુજબ ના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષના કેસની ટૂંકી વિગત :</u>**

(૨) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૦–૦૫–૨૦૦૩ કલાક–૦૮:૩૦ પહેલા ઓબાથી ઇસંડ વચ્ચેની રેલ્વેલાઇન પાસેના ટેલીફોનના એલ્યુમીનીયમ વાયરો થાંભલા નંબર–૭૫૦/૧૦ થી ૭૫૫/૧૩ તથા ૭૫૫/૧૨ થી ૭૫૫/૧૩ના એલ્યુમીનીયમ વાયરો આશરે ૨૫ કિલો આશરે કિં.રૂ.૧૨૫૦/–ના કાપી ચોરી કરી લઇ જઇ આરોપી નં.૨ના એ માલ ચોરીનો હોવા છતાં વેચાણ રાખી ઇ.પી.કો કલમ–૩૭૯, ૪૧૧ તથા ટી.એ. કલમ–૨૫(સી) મુજબ નો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

**પોલીસ તપાસ અને ચાર્જશીટ રજૂ થયાની વિગત :**

(૩) આ કામે ફરિયાદીની ફરિયાદના આધારે ગુનો દાખલ થતા, તે અન્વયે તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, પંચો રૂબરૂ બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામુ કરી, આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

**આરોપીને સમન્સ તથા તહોમતનામું :**

(૪) આ કામે આરોપીઓને ફોજદારી સી.આર.પી.સી.ની કલમ–૨૦૪ અન્વયે જારી કરવામાં આવેલ સમન્સ/વોરંટ બજી જતાં છતા પણ આરોપીઓ અદાલત રૂબરૂ હાજર થયેલ નથી. આરોપીઓની હાજરી શકય ન હોવાના કારણે કોર્ટ સમક્ષ કાર્યવાહી આગળ વધારવામાં અડચણ ઉભી થાય છે. આથી, અત્રેની અદાલત દ્વારા આરોપીઓની ગેરહાજરીમાં સદર કેસમાં સી.આર.પી.સી. ની કલમ–૨૯૯ પ્રમાણે ફરિયાદપક્ષના સાક્ષીઓની સાક્ષી નોંધવી યોગ્ય અને જરૂરી જણાય છે. જેથી ભવિષ્યમાં આરોપીઓની ધરપકડ અથવા હાજર થયા બાદ ન્યાયીક પ્રક્રિયામાં કોઇ વિલંબ ન થાય.જેથી

આરોપીઓ વિરૂદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવી, સી.આર.પી.સી.ની કલમ–૨૪૨ અન્વયે ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૫) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપરોકત જણાવેલ ફોર્મ 'સી' મુજના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે.**

**<u>ફરિયાદપક્ષના પુરાવાનું સમાપન અને આરોપીનું વિશેષ નિવેદન :</u>**

(૬) ફરિયાદપક્ષે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા બાદ ફરિયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષે રજૂ મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધેલ છે. સદર કેસ સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ હેઠળ હોવાથી આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. વધુમાં ફકત આરોપીઓનું વિશેષ નીવેદન નોંધવા માટે હાલનો કેસ પડતર રાખવો ન્યાયીક જણાતું નથી.

**<u>બચાવપક્ષનો પુરાવો</u>** :

(૭) બચાવપક્ષ તરફથી કોઇ મૌખિક કે લેખિત પુરાવો રજૂ કરેલ નથી.

**<u>પક્ષકારોની દલીલો :</u>**

(૮) આ કામે ફરિયાદી તરફે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને રાખી ન્યાયિક હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે. જેમાં મુખ્યત્વે વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદપક્ષે તેમની દલીલમાં પંચનામું તથા ફરિયાદને ધ્યાને લઇ આરોપીને સજા કરવા રજૂઆત કરેલી છે.

**<u>મુદ્દા અને તેના નિર્ણયો :</u>**

(૯) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

:૦૧: શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૦–૦૫–૨૦૦૩ કલાક–૦૮:૩૦ પહેલા ઓબાથી ઇસંડ વચ્ચેની રેલ્વેલાઇન પાસેના ટેલીફોનના એલ્યુમીનીયમ વાયરો થાંભલા નંબર–૭૫૦/૧૦ થી ૭૫૫/૧૩ તથા ૭૫૫/૧૨ થી ૭૫૫/૧૩ના

એલ્યુમીનીયમ વાયરો આશરે ૨૫ કિલો આશરે કિં.રૂ.૧૨૫૦/–ના કાપી ચોરી કરી લઇ જઇ આરોપી નં.૨ના એ માલ ચોરીનો હોવા છતાં વેચાણ રાખી ઇ.પી.કો કલમ–૩૭૯, ૪૧૧ તથા ટી.એ. કલમ–૨૫(સી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

:૦૨: શું હુકમ ?

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાઓ ઉપરના મારા નિર્ણયો નીચે મુજબના છે.

:૦૧: નકારમાં,

:૦૨: આખરી હુકમ મુજબ.

**<u>–::કારણો::–</u>**

**(૧૧)** પુરાવા અધિનિયમ ૧૮૭૨ની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ હાલના કેસની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. તે દૂર કરવા ફરિયાદપક્ષ દ્વારા ઉપર નોંધેલ ફકરા નં.૦૬ મુજબ લેખિત પુરાવો રેકર્ડ પર રજૂ કરેલ છે. ફરીયાદપક્ષની દલીલો ધ્યાને લીધી. કાયદાના લાગુ પડતાં પ્રબંધો ધ્યાને લીધા.

**(૧૨)** આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક : ૧૨ થી રજૂ ફરીયાદી વિજયશંકર નવાબલાલ શ્રીવાસ્તવ**નાઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૦૩ ની સાલમાં ટેલીગ્રાફ ડીપાર્ટમેન્ટમાં એસ.આઇ.ટી તરીકે ફરજ દરમ્યાન તા.૧૦/૫/૨૦૦૩ ના રોજ તેઓ તેમની ફરજ પર હાજર થયેલો અને તે દિવસે તેઓને કલોલથી ઝુલાસણ અને કલોલથી ઈફ્કો લાઈન જોવાની હતી જેથી સવારના આઠ કલાકે તેઓએ ટેસ્ટ રૂમ મહેસાણા જોડે સપર્ક સાંધતા તેમને કહેલ કે કલોલ ઝુલાસણ સેક્શન કંટ્રોલ મળતુ નથી જેથી **તેઓ સવારના સાડા આઠ કલાકે કલોલ રેલ્વે સ્ટેશનથી ચાલતો ચાલતો ઓળા ગેટથી આગળ ઈસંડ બાજુ થાંભલા નં. ૭૫૫/૧૩ સેક્સન કંટ્રોલ વાયર તપાસતા ટોટલ પાંચ ગાળાનું વાયર કિંમત રૂ. ૧૨૫૦/– ની ચોરી થયાનુ જણાયેલ .** જેથી તે અંગેની ફરીયાદ તેઓએ

તાલુકા પો. સ્ટે. માં આપેલી. જે અંગેની લેખીત ફરીયાદની ઝેરોક્ષ તેઓને બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જેને આંક–૧૩ આપવામાં આવે છે.

**(૧૨.૧)** ત્યારબાદ આરોપી વિરુદધ સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબનો હુકમ હોવાથી વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૨.૨)** આમ, ફરીયાદી મુદામાલ વાયરો ચોરી થયેલાનું જણાવેલ છે. પરંતુ, આરોપીઓએ ચોરી કરેલ હોય તે અંગે કોઇ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી, આરોપીઓ સામેનો ઇ.પી.કો કલમ–૩૭૯, ૪૧૧ તથા ટેલીગ્રાફ એકટની કલમ–૨૫(સી) મુજબનો આક્ષેપીત ગુનો ફરીયાદીના પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતો નથી.

**(૧૩)** આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક : ૧૪ થી રજૂ પંચસાહેદ મુકેશભાઇ મહેન્દ્રભાઇ દવે**નાઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે, **આશરે વીસેક વર્ષ અગાઉ તેઓ અંબીકા બસ સ્ટેન્ડ પાસે બેસેલ ત્યારે પોલીસે તેઓની એક પંચનામામાં સહી લીધેલી. પંચનામું શેનું હતું તેની તેઓને ખબર નથી કે તેઓએ પંચનામું વાંચેલ નથી** તેઓએ ડીસ્કવરી પંચનામું બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૨ તરીકે તેઓની સહી છે. જે ઓળખી બતાવે છે. જેને આંક–૧૫ આપવામાં આવેલ છે. વધુમાં સદર પંચસાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોવાની રજૂઆત કરી વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે

**(૧૩.૧)** ત્યારબાદ આરોપી વિરુદધ સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબનો હુકમ હોવાથી વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૩.૨)** આમ, પંચસાહેદ પંચનામાની કોઇ હકીકત જણાવતા નથી. જેથી, ડીસ્કવરી પંચનામાની હકીકત પુરવાર થતી નથી અને આરોપીઓ સામેનો ઇ.પી.કો કલમ–૩૭૯, ૪૧૧ તથા ટેલીગ્રાફ એકટની કલમ–

૨૫(સી) મુજબનો આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી.

**(૧૪)** આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક : ૧૬ થી રજૂ મહેશકુમાર કિશોરદાન ગઢવી**નાઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે, **આશરે વીસ વર્ષ અગાઉ તેઓ રોડ ઉપર જતા હતા ત્યારે પોલીસે બોલાવી તેઓની એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી તે સીવાય બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી. તેઓ રૂબરૂ કોઇ મુદામાલ કબજે કરેલ નથી** તેઓને અસલ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી છે. જે ઓળખી બતાવે છે. જેને આંક-૧૭ આપવામાં આવેલ છે. વધુમાં સદર પંચસાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોવાની રજૂઆત કરી વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર પંચસાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

**(૧૪.૧)** ત્યારબાદ આરોપીઓ તરફે વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ તેઓને કોઇ જગ્યાએ રેઇડમાં લઇ ગયેલ નથી કે તેઓની હાજરીમાં કોઇ મુદામાલ કબ્જે કરેલ નથી.

**(૧૪.૨)** આમ, સદર પંચસાહેદ આરોપી નં.૧નાએ ચોરી કરેલ મુદામાલ વાયરો આરોપી નં.૨ સ્વખુશીથી રજૂ કરતા હોય તેઓ પાસેથી મુદામાલ વાયરો રીકવર થયા અંગેની કોઇ હકીકત જણાવતા નથી. જેથી, આરોપી સામેનો ઇ.પી.કો કલમ-૩૭૯, ૪૧૧ તથા ટેલીગ્રાફ એકટ-૨૫(સી) મુજબનો આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી.

**(૧૫)** આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક : ૨૦ થી રજૂ સાહેદ વિમલ જગદીશભાઇ શર્મા**નાઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે, **તેઓ ૨૦૦૩ની સાલમાં મનોજકુમાર કનૈયાલાલ શર્માની દુકાનમાં નોકરી કરતો હતો, તે વખતે તેમની દુકાનમાં શું ચોરી થયેલ તે તેઓને ખબર નથી તેઓ તેમની દુકાનમાંથી નોકરી છોડી રાજસ્થાના ગયેલા. જેથી બનાવ અંગે કંઇ જાણતા નથી.** વધુમાં સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોવાની રજૂઆત કરી વિ.એ.પી.પી.શ્રી

દ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે

**(૧૫.૧)** ત્યારબાદ આરોપી વિરુદધ સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબનો હુકમ હોવાથી વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૫.૨)** આમ, સદર સાહેદે આરોપી નં.૧ દવારા ચોરી કરેલ મુદામાલ વાયરો આરોપી નં.૨ને વેચાણ આપેલ હોવાની કોઇ હકીકત જણાવતા નથી. જેથી, આરોપીઓ સામેનો ઇ.પી.કો કલમ–૩૭૯, ૪૧૧ તથા ટેલીગ્રાફ એકટની કલમ–૨૫(સી) મુજબનો આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી.

(૧૬) આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક : ૨૧ થી રજૂ પોલીસ સાહેદ હીરાજી ધનાજી**નાઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૦૩માં અમો ક. તા. પો. સ્ટેમાં હે.કો તરીકે ફરજ દરમ્યાન ક. તા. પો. સ્ટે. ઈ. પી. કો. કલમ–૩૭૯, ૪૧૧ ટેલીગ્રાફ કલમ–૨૫ સી મુજબનો ગુનાની તપાસ ક. તા. પો. સ્ટે.ના પી. આઈ., બી. એમ. રાજપરા કરતા હતા તે દરમ્યાન જે તપાસનો શકદારોના નામ આવેલા જેમા ૧. કિશોર ઉર્ફે ગેડો મોતીલાલ પટેલ, રહે. છત્રાલ, દિવાન વાસ, ૨. રાજુ ઉર્ફે મુન્નો કચરાભાઇ પટેલ, રહે. છત્રાલ તા. કલોલ, ૩. હસમુખભાઈ શીવાભાઈ પટેલ, રહે. માઢવાળા, છત્રાલ જે ત્રણના ઘરે ઝડતી તપાસ કરવા તેઓને મૌખીક હુકમ કરેલ જે આધારે ત્રણેય શકદારોના ઘરે જઈ બે પંચો રુબરુ ઝડતી તપાસ કરેલ અને બીજી કોઇ ચીજવસ્તુ મળી આવેલ નહિ જે બાબતે કરેલ ત્રણ પંચનામા, ત્રણ સી. આર. પી. સી. ૧૬૫ ઝડતીના ઠરાવ અને ત્રણ શકદારોના નિવેદનો આપેલા જે કાગળો તપાસ કરનાર પી. આઇ, બી. એમ. રાજપરા સાહેબને સોપેલ તે સિવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી. **આ કામે તપાસ બી.એમ.રાજપરા સાહેબે કરેલી.** ફરીયાદી વિજયશંકર નવાબલાલ શ્રીવાસ્તવ, એસ. આઇ. ટી. કલોલનાઓએ લેખીતમાં એલ્યુમીનીયમના વાયર ચોરી થયાની અરજી આપેલી જે અસલ અરજી તેઓને બતાવવામાં આવે છે જેમા ફરિયાદીની સહી છે જે તેઓ ઓળખે છે. જેને આંક–૨૨

આપવામા આવે છે જે અરજીના કામે તા.૧૦-૫-૦૩ ના રોજ બી, એમ. રાજપરા સાહેબે ફરિયાદીનો જવાબ લીધેલો. **તપાસના કામે રાજપરા સાહેબે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પંચોના લખાવ્યા તથા જણાવ્યા મુજબનુ કરેલું જેમાં પંચોની સહી છે અને રુબરુમા બી.એમ.રાજપરાની સહી છે જે તેઓ ઓળખે છે.** જેને આંક-૨૩ આપવામાં આવે છે. એલ્યુમીનીયમની વાયરોની ચોરીમાં અગાઉ પકડાયેલ અને હાલમા પણ વાયરોની ચોરી કરનાર ઇસમ છે અને જે હાલ પોલીસ પાસે હાજર છે તેનુ પંચનામુ તા.૧૮-૦૫-૦૩નુ કલાક ૧૮.૦૦ સુધીનુ પંચોના લખાવ્યા તથા જણાવ્યા મુજબનુ બી. એમ. રાજપરા સાહેબે કરેલુ જે આંક-૧૫ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચોની સહી છે અને રુબરુમાં તેઓની સહી છે જે ઓળખે છે. તેઓને આંક-૧૭ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે પંચનામું તા.૨૪-૫-૨૦૦૩ કલાક ૧૪.૦૦ થી ૧૫.૩૦ સુધીનુ પંચોના લખાવ્યા તથા જણાવ્યા મુજબનુ બી. એમ. રાજપરા સાહેબે કરેલુ જેમાં પંચોની સહી છે અને રુબરુમાં રાજપરા સાહેબની સહી છે જે તેઓ ઓળખે છે. તપાસના કામે લાગતાવળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીને અટક કરવા નાયબ પોલીસ અધિક્ષક કલોલને પત્ર કરેલો. આરોપીને અટક કરી નામ. અદાલતમાં ચાર્જશીટ કરેલુ, તેમજ ઈ. પી. કો. કલમ ૪૧૧ ઉમેરવા બાબતે પત્ર કરેલો તેમજ આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરવા મંજુરી માંગતો પત્ર કરેલો. આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ નામ. અદાલતમાં બી. એમ. રાજપરા સાહેબે ચાર્જશીટ કરેલુ. સુચીપત્ર કમ ડેપ્યુટ હુકમ રજુ કરેલ છે. જેમાં પી. એસ.ઓ. ની સહી ઓળખે છે. જેને રજુ દાખલ આંક-૨૪ આપવામા આવે છે. આરોપીને અટક કરવા મંજુરી બાબતનો પત્ર રાજપરા સાહેબે નાયબ પોલીસ અધિક્ષક કલોલનાઓને કરેલો જે રજુ કરેલ છે. જેમાં બી. એમ. રાજપરા સાહેબની સહી ઓળખે છે. જેને આંક-૨૫ આપવામા આવે છે. આરોપીના વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ તેનુ ચાર્જશીટ કરવા મંજુરી બાબતનો પત્ર રાજપરા સાહેબે નાયબ પોલીસ અધિક્ષક કલોલનાઓને કરેલો જે રજુ છે. જેમાં બી.એમ. રાજપરા સાહેબની સહી છે જે ઓળખે છે. જેને આંક-૨૬ આપવામાં આવે છે.

**(૧૬.૧)** ત્યારબાદ આરોપી વિરુદધ સી.આર.પી.સી. કલમ-૨૯૯

મુજબનો હુકમ હોવાથી વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૬.૨)** આમ, સદર પોલીસ સાહેદે તેઓ દવારા તથા તેમના ખાતાના કર્મચારી ત.ક.અમલદાર પી.આઇ. બી.એમ.રાજપરા દવારા તપાસ તથા ચાર્જશીટ થયા અંગેની હકીકતો જણાવે છે. પરંતુ, આ કામે સ્વતંત્ર એવા પંચસાહેદોએ તમામ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોવાથી આરોપીઓ વિરુદધ આક્ષેપીત ગુનાની કોઇ હકીકત સાાબીત થતી નથી. ફકત પોલીસ સાહેદોની જુબાની આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી, આરોપીઓ સામેનો ઇ.પી.કો કલમ–૩૭૯, ૪૧૧ તથા ટેલીગ્રાફ એકટની કલમ–૨૫(સી) મુજબનો આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી.

**(૧૭)** આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક : ૩૦ થી રજૂ તપાસ કરનાર અમલદાર બાલાભાઇ મોહનભાઇ રાજપરા**નાઓ તેઓની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૦૩માં ક.તા.પો. સ્ટેમાં પો ઇન્સ. તરીકે ફરજ દરમ્યાન ઈ. પી. કો. કલમ ૩૭૯, ૪૧૧ ટેલીગ્રાફ કલમ ૨૫ સી મુજબનો ગુનો દાખલ થયેલ જે ગુનાની તપાસ તેઓએ કરેલ તે દરમ્યાન જે તપાસનો શકદારોના નામ આવેલા જેમા ૧. કિશોર ઉર્ફે ગેડો મોતીલાલ પટેલ, રહે. છત્રાલ, દિવાન વાસ, ૨. રાજુ ઉફે મુત્રો કચરાભાઈ પટેલ, રહે. છત્રાલ તા. કલોલ, ૩. હસમુખભાઈ શીવાભાઈ પટેલ, રહે. માઢવાળા, છત્રાલ જે ત્રણના ધરે ઝડતી તપાસ કરવા તેઓને મૌખીક હુકમ કરેલ જે આધારે ત્રણેય શકદારોના ઘરે જઈ બે પંચો રુબરુ ઝડતી તપાસ કરેલ અને બીજી કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહિ જે બાબતે કરેલ ત્રણ પંચનામા, ત્રણ સી. આર. પી. સી. ૧૬૫ ઝડતીના ઠરાવ અને ત્રણ શકદારોના નિવેદનો આપેલા જે કાગળો મે સંભાળેલ. આ કામે તપાસ તેઓએ કરેલી. ફરીયાદી વિજયશંકર નવાબલાલ શ્રીવાસ્તવ, એસ.આઈ.ટી. કલોલનાઓએ લેખીતમાં એલ્યુમીનીયમના વાયર ચોરી થયાની અરજી આપેલી. તેઓને આંક–૨૨ વાળી અરજી બતાવવામાં આવે છે જેમાં ફરિયાદીની સહી તેઓ ઓળખે છે. તા.૧૦–૫–૦૩ ના રોજ તેઓએ

ફરિયાદીનો જવાબ લીધેલો. તપાસના કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામું પંચોના લખાવ્યા તથા જણાવ્યા મુજબનુ તેઓએ કરેલુ જેમાં પંચોની સહી છે અને રુબરુમા તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. એલ્યુમીનીયમના વાયરોની ચોરીમાં અગાઉ પકડાયેલ અને હાલમાં પણ વાયરોની ચોરી કરનાર ઇસમ છે અને જે હાલ પોલીસ પાસે હાજર છે તેનું તા.૧૮-૦૫-૦૩ નુ કલાક ૧૮.૦૦ સુધીનુ પંચનામુ પંચોના લખાવ્યા તથા જણાવ્યા મુજબનુ તેઓએ કરેલુ જે આંક-૧૫ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચોની સહી છે અને રુબરુમાં તેઓની સહી છે જે તેઓઓળખી બતાવેલ છે. તેઓને આંક-૧૭ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે પંચનામુ તા.૨૪-૫-૨૦૦૩ કલાક૧૪.૦૦ થી ૧૫.૩૦ સુધીનું પંચોના લખાવ્યા તથા જણાવ્યા મુજબનુ તેઓએ કરેલુ. જેમાં પંચોની સહી છે અને રુબરુમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીને અટક કરવા નાયબ પોલીસ અધિક્ષક કલોલને પત્ર કરેલો તેમજ ઇ. પી. કો. કલમ-૪૧૧ ઉમેરવા બાબતે પત્ર કરેલો તેમજ આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરવા મંજુરી માંગતો પત્ર કરેલો. આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ નામ. અદાલતમાં તેઓએ ચાર્જશીટ કરેલુ. આરોપીને અટક કરવા મંજુરી બાબતનો પત્ર કરેલો તેઓને આંક-૨૨ વાળો પત્ર બતાવવામાં આવે છે જેમાં ફરીયાદીની સહી છે જે તેઓ ઓળખે છે. જેને આંક-૨૩ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચોની તથા તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેઓને આંક-૨૪ વાળો પત્ર બતાવવામાં આવે છે જેમાં પી.એસ.ઓ. ની સહી છે જે ઓળખી બતાવેલ છે. તેઓને આંક-૨૫ વાળો પત્ર બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવેલ છે. તેઓને આંક-૨૬ વાળો પત્ર બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેઓને આંક-૧ વાળુ ચાર્જશીટ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. આરોપીને જોયેથી ઓળખે છે.

**(૧૭.૧)** ત્યારબાદ આરોપી વિરુદધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ મુજબનો હુકમ હોવાથી વિ.વ.શ્રી દ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૭.૨)** આમ, સદર પોલીસ સાહેદે તેઓ દવારા તપાસ તથા ચાર્જશીટ થયા અંગેની હકીકતો જણાવે છે. પરંતુ, આ કામે સ્વતંત્ર એવા પંચસાહેદોએ તમામ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોવાથી આરોપીઓ વિરુદધ આક્ષેપીત ગુનાની કોઇ હકીકત સાાબીત થતી નથી. ફકત પોલીસ સાહેદોની જુબાની આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી, આરોપીઓ સામેનો ઇ.પી.કો કલમ–૩૭૯, ૪૧૧ તથા ટેલીગ્રાફ એકટની કલમ–૨૫(સી) મુજબનો આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી.

**(૧૮)** આમ, કેસનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરિયાદીએ તેઓની જુબાનીમાં કોઇ ઇસમ ટોટલ પાંચ ગાળાનું વાયર કિંમત રૂ. ૧૨૫૦/– ની ચોરી થઇ ગયેલાની હકીકત જણાવે છે પરંતુ સદર ટેલીફોનના એલ્યુમીનીયમ વાયરો આ કામના આરોપીઓએ જ ચોરી કરેલ હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી ન હોઇ ફરીયાદ મુજબનો આક્ષેપીત ગુન્હો આ કામના આરોપીઓએ કરેલ હોય તેવી હકીકતને સમર્થન આપતાં ન હોય, જેથી ફરિયાદની હકીકતો નિ:શંકપણે પુરવાર થતી ન હોઇ, હાલના આરોપીઓને ઇ.પી.કો કલમ–૩૭૯, ૪૧૧ તથા ટેલીગ્રાફ એકટની કલમ–૨૫(સી) મુજબ તકસીરવાર ઠરાવવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાઇ આવતું નથી. હાલનો કેસનો પુરાવો આરોપીઓની ગેરહાજરીમાં સી.આર.પી.સી કલમ–૨૯૯ મુજબ નોંધાયેલ છે પુરાવો જોતા આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય ફકત આરોપીઓની હાજરી માટે તથા ચાર્જ પ્લી રેકર્ડ કરવા માટે હાલનો કેસ પડતર રાખવો ન્યાયોચિત જણાતુ નથી. જેથી, ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ મુદ્દા નં. ૦૧ નો નિર્ણય તે રીતે **"નકારમાં"** આપી મુદ્દા નંબર. ૦૨ સબબ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

(૧) આ કામના આરોપીઓને સી.આર.પી.સી.ની કલમ – ૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો કલમ–૩૭૯, ૪૧૧ તથા ટેલીગ્રાફ એકટની કલમ–

૨૫(સી)ના ગુનામાંથી આરોપીઓ ગેરહાજર હોવાથી સી.આર.પી.સી.ની કલમ – ૨૯૯ હેઠળ આરોપીની ગેરહાજરીમાં સદર કામ ચલાવવા હુકમ કરાયેલ હોય સદર કામે પડેલ પુરાવા આધારીત સદરહુ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રજૂ થતો ન હોય, આરોપીઓને બિનતહોમત છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીની ગેરહાજરીમાં હુકમ જાહેર કરેલ હોય તેથી અપીલ સમય સુધીના જામીન લેવા સંબંધે કોઇ આદેશ નથી.

(૩) હાલના કામે જપ્ત થયેલ મુદામાલ અંગે જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા માલીકીની ખરાઇ કરી ફરીયાદીની કંપનીને સદર મુદમાલ પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

(૪) ક્રિમીનલ મેન્યુઅલ પારા–૩૪૯(૧) મુજબ આંકે ન પડેલ કાગળો અપીલ / રીવીઝનનો નિર્ણય / નિકાલ થયા બાદ પોલીસ સ્ટેશન પરત કરવા.

(૫) ફોર્મ–બી (બે ટેબ્યુલર સ્ટેટમેન્ટ) ફોજદારી મેન્યુઅલના નિયમ–૧૭૯ (એ)(૧)(૨) મુજબ આ ઠરાવના ભાગ તરીકે સાથે સામેલ રાખેલ છે.

હુકમ, આજરોજ તારીખ : ૨૯, માહે– જૂન , સને–૨૦૨૬ ના રોજ ગાંધીનગર ખાતે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા. ૨૯–૦૬ –૨૦૨૬**
**સ્થળ : ગાંધીનગર.**

**( પ્રિયંકા જૈમિન સુરતી )**
**એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**ફર્સ્ટ કલાસ , કલોલ.**
**GJ 01570**